ગાંધીનગર સમાચાર

## વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષી રોડ બ્યુટીફિકેશનના કામોને મંજૂરી

# મે, ૨૦૧૭ સુધી નાણાંની તંગી રહેશે

### ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો અચાનક જ બંધ કરવાના નિર્ણયથી રોકડ નાણાંની તરલતાને ગંભીર અસર પહોંચી છે

ગાંધીનગર, તા. ૧૬

રાતોરાત રોકડ નાણાંની પળોજળ ઉભી થઈ ગઈ છે. નાના વેપારીઓ, ખેડૂતો, ફેરીયાઓ અને રોકડથી વ્યવહાર થતો હોય તેવા ધંધા-રોજગારને ૫૦૦-૧૦૦૦ની નોટો બંધ થવાથી ખુબ મોટો ફટકો પહોંચ્યો છે. ૫૦૦ અને ૨૦૦૦ની નવી નોટો હજુ બજારમાં આવતા સમય લાગી શકે છે. આવી પરિસ્થિતિ છેક મે-૨૦૧૭ સુધી રહેવાની ભીતી નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.

## સમયસર

ભારત જેવા વિશાળ દેશમાં એકાએક જ ૫૦૦ અને ૧૦૦૦ રૂ.ની ચલણી નોટો બંધ કરી દેવાનો નિર્ણય કેટલાક અંશે આમ આદમી માટે પરેશાની કારણરૂપ બની રહ્યું છે. નાની-મોટી દરેક બેંકો પર લાંબી લાંબી કતારો જોવા મળી રહી છે. જુની નોટો બદલાવવા અને ડિપોઝીટ કરાવવા લાંબી લાંબી લાઈનો છેક સવારથી સાંજ સુધી જોવા મળી જાય છે. બેંકનો સ્ટાફ ઓવરટાઈમ કરી રહ્યો છે. રીઝર્વ બેંક થોડાક દિવસોમાં પરિસ્થિતિ સામાન્ય બની જશે તેવી હૈયાધારણા આપી રહી છે. પરંતુ નિષ્ણાતો હજુ પરિસ્થિતિ સામાન્ય બનતા છ માસ જેટલો સમય લાગી શકે છે. તેવો ભય વ્યક્ત કરી રહ્યા છે. તેનું કારણ એ છે કે બજારમાં હાલમાં જે કરન્સી ફરી રહી છે તે પૈકીની મોટાભાગની કરન્સી ૫૦૦ કે ૧૦૦૦રૂ.ની નોટોના સ્વરૂપમાં છે. માર્ચ ૩૧, ૨૦૧૬ સુધી ૮૬ ટકા જેટલા મુલ્યની કરન્સી ૫૦૦ રૂ. અને ૧૦૦૦ રૂ.ના સ્વરૂપમાં બજારમાં ફરતી કરાઈ હતી. જેમાં ૧,૫૭૧ કરોડ જેટલી ૫૦૦ રૂ.ની નોટ છે. તો રૂ. ૬૩૩ કરોડ જેટલી ૧૦૦૦ની નોટ હાલમાં બજારમાં ફરી રહી છે. આ નોટોને રાતોરાત રદ કરી તેના સ્થાને નવી નોટોને ફરતી કરવી તે ખુબ પડકારભર્યુ કામ છે. ૧૦૦૦ની નોટ બંધ કરી ૨૦૦૦ની નવી નોટ બહાર પાડવામાં આવી છે. આથી છુટ્ટા પૈસાની પળોજળ વધી છે. છુટ્ટા પૈસાની તંગીને દૂર કરવા ૧૦૦, ૫૦, ૨૦ અને ૧૦ની નાની નોટોની કરન્સી વધુ પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવી જરૂરી છે. સાથે સાથે નવી નોટોના છાપકામમાં ઝડપ લાવવી પણ એટલી જ આવશ્યક બની છે. ૧૦૦૦ની નોટ છાપવાનું કામ કરી કંપની ભારતીય રીઝર્વ બેંક નોટ મુદ્રણ પ્રા.લી. હવેથી ૨૦૦૦ની નોટ છાપશે. હાલમાં બે સીફ્ટમાં રૂ. ૨૦૦૦ની નવી નોટો છાપવાની કામગીરી તે કરી રહી છે. એક માસમાં તે ૧૩૩ કરોડ જેટલી નોટો છાપી શકે છે. જો ત્રણ સીફ્ટમાં આ કામ કરવામાં આવે તો એક માસમાં મહત્તમ ૨૦૦ કરોડ જેટલી નોટ છાપી શકાય. આ નોટ બજારમાં આવતા ડિસેમ્બર,

● અનુસંધાન પાન-૭ પર



સ્નેહ મિલન - રાજ્યના મુખ્યમંત્રીએ પત્રકારો સાથે સ્નેહ ભોજન કર્યું હતું... નવા વર્ષ નિમિત્તે પરંપરાગત પત્રકાર સ્નેહમિલનના કાર્યક્રમમાં અમદાવાદ - ગાંધીનગરના પત્રકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ એક-મેકને શુભેચ્છા પાઠવી હતી અને રાજ્યના વિકાસ માટેની અભિલાષા વ્યક્ત કરી હતી....

# વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી રોડ બ્યુટીફિકેશનના કામોને મંજુરી

### બ્યુટીફિકેશન માટેના વિવિધ કામો માટે રૂ ૧ કરોડના વિવિધ કામોને મંજુરી : ટેન્ડર પ્રક્રીયા પુર્ણ થયા બાદ ટુંકમાં કામ શરૂ થશે

ગાંધીનગર તા ૧૬

આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ ને અનુલક્ષી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વાઈબ્રન્ટ દરમિયાન શહેરને દુલ્હનની જેમ શણગારવામાં આવશે આગામી વાઈબ્રન્ટ મહોત્સવને ધ્યાને લઈ માર્ગ મકાન વિભાગ દ્વારા માર્ગોના નવિનીકરણ તેમજ બ્યુટીફિકેશન માટે જરૂરી દરખાસ્તોને મંજુરી આપી દેવામાં આવી છે. જેમાં રસ્તાના કામો તેમજ બ્યુટીફિકેશન માટેના વિવિધ કામો માટે રૂ ૧ કરોડના વિવિધ કામોને મંજુરી આપવામાં આવી છે.

વાઈબ્રન્ટ સમિટ પુર્વે શહેરમાં માર્ગોની સુધારણા તેમજ નવિનીકરણ અને બ્યુટીફિકેશનના વિવિધ કામો હાથ ધરવામાં આવે છે. જયારે આગામી વાઈબ્રન્ટને અનુલક્ષી તંત્ર દ્વારા અગાઉ વિભાગને વિવિધ કામગીરી માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જેને અનુલક્ષી વિભાગ દ્વારા જુદા જુદા કામોને મંજુરી આપવામાં આવી છે. જેમાં ફુટપાથના રીપેરીંગ તેમજ કલરકામ શહેરના માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા કેટ આઈ લગાવવાની કામગીરી પણ હાથ ધરાશે. શહેરમાં વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સુશોભનની કામગીરી પણ મુખ્ય બની રહે છે. આ માટે વિવિધ ઠેકાણે સફાઈ તેમજ રોશની માટે પણ એજન્સીઓને કામે લગાડવામાં આવે છે. પ્રાથમિક તબક્કે બ્યુટીફિકેશનના અમુક કામોને મંજુરી અપાતા હાલ આ મામલે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. ટુંકમાં ટેન્ડર આખરી થયા બાદ કામ હાથ ધરાશે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ શહેરમાં રોડ બ્યુટીફિકેશન માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે આ વર્ષે સે-૧૭ સ્થિત અક્ઝિબીશન સેન્ટરમાં પણ સુશોભન સહીતની જરૂરી કામગીરી હાથ ધરવા માટે ટુંકમા ટેન્ડર આખરી થતા કામ શરૂ કરાશે.

# નોટમાં પણ વૉટવાળી

### અવિલોપ્ય શાહીથી બેંકો આંગળી પર નિશાન નોટ્સ એક્સચેન્જ કરાવનારને કરશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં હવે બેન્કો દ્વારા નોટ્સ એક્સચેન્જ કરાવનારના જમણા હાથની આંગળી પર અવિલોપ્ય શાહીથી ટપકુ કરવાના નિર્ણયનો અમલ કરવામાં આવશે.

શહેરની કેટલીક બેંકોમાં આજથી આ નિર્ણયની અમલવારી શરૂ થઈ ગઈ છે જ્યારે કેટલીક બેંકોને આજે બપોર પછી આ સહિનો જથ્થો ઉપલબ્ધ બન્યો છે. હવે આ નિર્ણયનો અમલ આજથી શરૂ થશે.

શહેરમાં જો કે કેટલીક બેંકોમાં નોટ્સ એક્સચેન્જમાં રૂ. ૪૫૦૦ અપાય છે તો કેટલીક બેંકોમાં રૂ. ૪૦૦૦ના દરની નોટ્સ અપાઈ રહી હોવાની વાતો પણ લોકજીભે સાંભળવા મળી છે. એક જ વ્યક્તી બે થી ત્રણ બેંકોમાં અલગ અલગ ઓળખ સાથે નોટ્સ એક્સચેન્જ કરાવતા હોવાની ફરિયાદને પગલે કેન્દ્ર સરકારે ગઈકાલે આંગળી પર નિશાન કરવાના નિર્ણયની જાહેરાત કરી હતી.

જો કે છેલ્લા એક સપ્તાહ દરમ્યાન જે રીતે નોટ્સનું વિતરણ કરાયું છે તેને લઈ પરિસ્થિતિ હવે થાળે પડી જશે તેવો વિશ્વાસ બેંકિંગ ક્ષેત્રના નિષ્ણાંતો વ્યક્ત કરી રહ્યા છે. આજે બેંકોમાં સવારે જે ભીડ હતી તેના કરતાં બપોર પછી તેમાં સારી એવી ઓટ આવી હોવાનું પણ બેંકિંગ ક્ષેત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે.

આજથી અવિલોપ્ય શાહીથી ટપકુ કરવાના નિર્ણયના અમલને લઈ પણ લાઈનોની ભીડ ઓછી થશે તેવો વિશ્વાસ બેંકિંગ ક્ષેત્રના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

# ચલણની નાની નોટ્સ ખુટતાં બેંકોએ નોટ્સ એક્સચેન્જની કામગીરી સિમીત કરી

### નાની નોટ્સ મેળવવા રિઝર્વ બેંકમાં રજુઆત કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં રૂ. ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટ રદ કર્યાના એક સપ્તાહ બાદ આજે નાની ચલણની નોટ્સના શોર્ટ ફોલને કારણે ઘણી બધી બેંકોએ નોટ્સ એક્સચેન્જની સિમીત કામગીરી કરી હતી તો કેટલીક બેંકો દ્વારા નોટ એક્સચેન્જમાં રૂ. બે હજારના દરની નવી નોટ્સ જ ગ્રાહકોને આપી હતી.



છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલી નોટ્સ એક્સચેન્જમાં આજે પણ લાઈનો જોવા મળતી હતી. જો કે હજુ સુધી રૂ. ૫૦૦ના દરની નવી નોટ્સ આવી ન હોવાથી ઘણી બેંકો નોટ્સ એક્સચેન્જમાં માત્ર રૂ. ૪૦૦૦ના દરની જ નોટ્સ આપતા હોવાનું જણાવ્યું હતું.

શહેરની વિવિધ બેંકોના એ.ટી.એમ. પણ નાની નોટ્સના શોર્ટફોલને કારણે લગભગ બંધ રહ્યા હતા. કેટલાક એ.ટી.એમ. ચાલુ હતા પરંતુ ત્યાંથી નાની નોટ્સ જ મળતી હતી.

બેંકિંગ ક્ષેત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાંથી આજે જિલ્લા માટે નોટ્સની ફાળવણી કરાઈ ન હતી તેથી બેંકોએ ડિપોઝીટ્સ સ્વીકારવા પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ. જે કંઈ નોટ્સનો જથ્થો ઉપલબ્ધ છે તે તેના રૂટિન વ્યવહાર માટે જાળવી રાખવા માટે બ્રાન્ચ મેનેજરોની વિવેકબુદ્ધિ પર છોડી દેવામાં આવ્યુ હતુ.

શહેરમાં હજુ રૂ. ૫૦૦ના દરની નોટ્સ આવી નથી તેમજ સરકારે પણ જુના દરની નોટ્સ વિવિધ સરકારના ઉપક્રમોમાં ચલાવવાના કરેલા નિર્ણયને પગલે લોકોએ થોડીક રાહત અનુભવી છે. બીજી તરફ સરકારી તંત્રના અધિકારીઓને સૂચના આપી ધાર્મિક સ્થળોને તેમની પાસે ઉપલબ્ધ દાનની રકમો જમા કરાવવા માટે જણાવાવમાં આવ્યું છે જેથી નાના દરની નોટ્સ ઉપલબ્ધ બની શકે. દરમ્યાન રાજ્યના ઉપમુખ્યમંત્રી નીતિન પટેલે આજે એવી જાહેરાત કરી હતી કે ખેડૂતો બિયારણ અને ખાતરનો જથ્થો જુના દરની નોટ્સથી મંડળીઓમાં ખરીદી શકશે. તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે રાજ્યની મનપા અને ન.પા.માં રૂ. ૩૩૮ કરોડની વેરા વસુલી છેલ્લા ૪ દિવસમાં થઈ છે અને તે હજુ ૨૪મી સુધી ચાલુ રહેશે.

## બેસણું / સુતક



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી ગં.સ્વ. મેતાબા ભૂરસિંહજી રાઠોડનો તા. ૧૬/૧૧/૨૦૧૬ને બુધવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્દગતનું સુતક તા. ૧૮/૧૧/૨૦૧૬ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૫ સુધી અમારા વતન (હડાદ)** મુકામે રાખેલ છે.

**સ્થળ : મુ.પો. હડાદ, તા. દાંતા, જી. બનાસકાંઠા**

### ગાંધીનગર-બેસણું

સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૦/૧૧/૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન અમારા ગાંધીનગર સ્થિત નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : ડૉ. જસવંતસિંહ બી. રાઠોડ, પ્લોટ નં. ૧૭૬/૨, સેક્ટર-૧/બી, ગાંધીનગર**

સ્વ. ભૂરસિંહજી દલપતસિંહજી રાઠોડ
સ્વ. કર્ણવીરસિંહજી હરીસિંહજી રાઠોડ
સ્વ. કલ્યાણસિંહ રાઠોડ
ડો. જસવંતસિંહજી બી. રાઠોડ (આયુર્વેદ)
જીતેન્દ્રસિંહ બી. રાઠોડ — પ્રેમસિંહ રાઠોડ
હરિસિંહ બી. રાઠોડ — રાજેન્દ્રસિંહ રાઠોડ
હરીશચંદ્રસિંહ જે. રાઠોડ — રણવીરસિંહ રાઠોડ
અભયસિંહ રાઠોડ — હિતેન્દ્રસિંહ રાઠોડ

## શ્રદ્ધાંજલિ



**સ્વ. મનુભા ફતેસિંહ રાણા**

ધણપ સેવા સહકારી મંડળીના પૂર્વ ચેરમેન અને અમારા પથદર્શક પૂજનીય મનુભા રાણાના નિધનથી અમે સૌ આઘાતની લાગણી અનુભવીએ છીએ... સદ્દગતના આત્માની શાંતિ માટે પરમાત્માને પ્રાર્થના...

યુવરાજસિંહ જશુભા રાણા (ચેરમેન) — રામજીભાઈ આત્મારામ ઠાકોર (વાઈસ ચેરમેન)
દલપતસિંહ પ્રતાપસિંહ રાણા (ક.સભ્ય) — કોદરભાઈ ગાંડાભાઈ ચૌધરી (ક.સભ્ય)
વિસાભાઈ દેસાઈ (ક.સભ્ય) — ગાભાભાઈ ફુલાભાઈ રાવળ (ક.સભ્ય)
નટવરસિંહ શિવાજી રાણા (ક.સભ્ય) — પ્રદિપસિંહ બી. રાણા (સેક્રેટરી)
બળદેવજી પ્રતાપજી ઠાકોર (ક.સભ્ય) — છબાજી જેસંગજી ઠાકોર (ક્લાર્ક)
કરણસિંહ ગોપાળજી રાણા (ક.સભ્ય)

**ધી ધણપ સેવા સહકારી મંડળી લિ.**

ધણપ, તા. જિં. ગાંધીનગર

IDBI trustee

IDBI Trusteeship Services Ltd
Regd. Off.: Asian Building, Ground Floor, 17, R. Kamani Marg, Ballard Estate, Mumbai - 400 001.

Annexure A
M/s CARE has revised its rating on the debenture issuances of Gujarat State Petroleum Corporation Ltd. as follows

| Instrument | Revised Rating | Remarks | ISIN No. |
|---|---|---|---|
| Non-Convertible Debentures | CARE A+ [Single A Plus] (Credit watch) | Revised from CARE AA [Double A] (Credit watch) | INE065L08041 |
| Non-Convertible Debentures | CARE A [Single A] (Credit watch) | Revised from CARE AA- [Double A Minus] (Credit watch) | INE065L08058 |

Sd/
Authorised Signatory



શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે. ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com